**C.C.NO.191266/2024**

## **:: આંક–૦૧ લગત હુકમ ::**

(૧) આ કામના આરોપી સામે ધી બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૮૪ મુજબના ગુનાનો આરોપ છે. જેમાં આ કામના આરોપીનાએ હાજર થઈ તેઓએ પોતાની સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગનાંછે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદનમાં સ્વેચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

(૨) આરોપી એ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસ ના સં જોગોને ધ્યાને લેતાં તેમજ **<u>રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪</u> ના** કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ **<u>ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોરના</u>** કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતાં આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

## **<u>–: હુ ક મ :–</u>**

આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમઃ૨૭૫ અન્વયે ધી બી.એન.એસ કલમ–૨૮૧ અને એમ. વી. એકટની કલમ ૧૮૪ મુજબના ગુનામાં કસુરવાર ઠરાવી આરોપીને કુલ રૂા.૧૫૦૦/–(અંકે રૂા.એક હજાર પાંચ સો પુરા)નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ના ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે જો બિનકિંમતી મુદામાલ કબજે લીધેલ હોય તો અપીલ સમય વિત્યે નાશ કરવો અને જો કિમતી મુદ્દામાલ બાબતે કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરેલ હોય તો તેને કાયમ કરવામાં આવે છે. અને અપીલ સમય વિત્યે તે હુકમમાં મુકવામાં આવેલ શરતો રદ કરવામાં આવે છે અને જો કિમતી મુદ્દામાલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ના હોય તો તેવો મુદ્દામાલ તેના માલીકી અંગેના ઓળખ પુરાવા મેળવી પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ મુજબ લગત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજરોજ તા.૧૪મી, માહે.ડિસેમ્બર, સને–૨૦૨૪ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

**તા.૧૪/૧૨/૨૦૨૪**
**અમદાવાદશહેર.**

**(એ.જી. ઓઝા)**
**૧૯મા એડિ.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**(કોર્ટ નં.૧૩) અમદાવાદશહેર.**
**કોડ નં. GJ-00839**